ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને લોન યોજનાઓ માટે બીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.

વર્ષ: ૨૦૨૪-૨૫

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2023/3448/A-1 Section
સચિવાલય, ગાંધીનગર.

વંચાણે લીધાઃ

1. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૦૫-૦૬-૨૦૨૪નો ઠરાવ ક્રમાંકઃ SJED/MSM/e-file/17/2023/3448/A-1 Section.
2. આ વિભાગનો તા.૦૬-૦૭-૨૦૨૪નો ઠરાવ નં.SJED/MIS/e-file/17/2022/0010/A-1 Section
3. સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૧૮-૦૬-૨૦૨૪નો પત્ર ક્રમાંક વિજાક/બોનિ/૨૦૨૪-૨૫/૩૯૬-૯૭

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં લોનની ગ્રાન્ટ પેટે રૂ.૫૦૦૦૦.૦૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી વર્ષ ૨૦૨૪-૨૫નાં અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૫૦૦૦૦.૦૦ લાખની લોનની ગ્રાન્ટનાં બીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટે લોન યોજનાઓની ગ્રાન્ટ પેટે કરવામાં આવેલ રૂ.૫૦૦૦૦.૦૦ લાખની જોગવાઇ પૈકી બીજા હપ્તા પેટે રૂ.૧૨૫૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા બાર હજાર પાંચસો લાખ પૂરા)ની ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરને નીચેની શરતોને આધિન આથી મંજૂરી આપવામાં આવે છે.

શરતો:

1. ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમે ત્રીજા હપ્તાની ગ્રાન્ટની દરખાસ્ત કરતા પહેલા બાકી હિસાબોની વિગત આપવાની રહેશે અને નાણા વિભાગના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્ર ક્રમાંક: અપબ/૧૦૨૦૨૨/૧૩૫/ક ના મુદ્દા નં.૩ની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે.
2. નિગમે હવે પછી ગ્રાન્ટની દરખાસ્ત કરતી વખતે ફાળવેલ લોનની રકમ સામે વસુલાતનું અદ્યતન પત્રક પણ સામેલ કરવાનું રહેશે.
3. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.
4. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૪-૨૫ની અંદાજપત્રીય જોગવાઇઓને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો


eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Sep-2024 (11:56 AM)
Open the document in Adobe Acrobat DC to verify the E-sign

વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

5. આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.
6. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
7. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી ગ્રાન્ટ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
8. ઉપરોક્ત લોનની રકમની ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, ગાંધીનગર દ્વારા રાજ્ય સરકારને પરત ભરપાઇ અને વ્યાજના દર અને તે અંગેની ચૂકવણીની વિગતો તૈયાર કરી નાણાં વિભાગ/જાહેર સાહસ બ્યુરોની મંજૂરી અર્થે રજુ કરવાની રહેશે.
9. આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
10. આ અંગેનો ખર્ચ સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના માંગણી નં-૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાતવર્ગ અને લઘુમતિઓનાં કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર હેઠળની લોન અને અન્ય કમાણી, પેટા સદર- ૦૧ ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૮-૦૯-૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 21-Sep-2024 (11:56 AM)

(કલ્પના રાણા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:</u>

- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(આ.બા.)ના અંગત સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત બિનઅનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ, બ્લોક નં.૨/૭મો માળ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ
- સિલેક્ટ ફાઇલ